**Order below Exhibit-1** **Criminal Inquiry No. 163/2026**

**<u>ફોજદારી ઈન્કવાયરી નંબર :</u>** <u>૧૬૩/૨૦૨૬</u>

**–:: <u>આંક– ૧ લગત હુકમ</u> ::–**

**૧.** ફરીયાદીની ફરીયાદ ધ્યાને લીધી. ફરિયાદીની ફરિયાદ હકિકતો તથા ફરીયાદ સાથે રજુ દસ્તાવેજી પુરાવા સંયુકતપણે વંચાણે લેતાં સદર **ફરીયાદમાં આરોપી અત્રેની કોર્ટની હકુમતમાં રહેતા ન રહેતા હોય** તે બાબતે ઈન્કવાયરી માટે રાખવામાં આવેલ છે. આજરોજ ફરીયાદીના વિ.વ.શ્રી એ હાજર રહી કેસ બાબતે તેમની ફરીયાદ મુજબ રજુઆત કરી આરોપી વિરૂધ્ધ સમન્સ ઈસ્યુ કરવા પુરતો કેસ–પુરાવો–હકીકતો છે તે બાબતે રજુઆત કરેલ છે. સમગ્ર રીતે જોતાં ફરીયાદીની ફરીયાદ, રજુ દસ્તાવેજો, રજુઆત, કાયદાકીય જોગવાઈઓ વિગેરે ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ સમન્સ ઈસ્યુ કરવા પુરતો યોગ્ય અને સંતોષકારક પુરાવો જણાઈ આવે છે તે ધ્યાને રાખી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**:: <u>હુ ક મ</u> ::**

(૧) ફરિયાદીની ફરિયાદ ફોજદારી કેસ રજીસ્ટરે લઈ ફોજદારી કેસ નંબર આપવો.

(૨) ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૭ અન્વયે આરોપીઓ વિરૂધ્ધ ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુન્હાનો સમન્સ **મુદત તારીખ:– ૩૧/૦૭/૨૦૨૬** ના રોજનો કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલની ફરીયાદ તથા કેસની વિગત ધ્યાને લેતાં આરોપી તથા ફરીયાદી ને તેમનો કેસ સાબીત કરવા પુરતી તક મળવી જરૂરી હોય, પુરાવો વિસ્તૃત રીતે નોંધવો જરૂરી જણાતો હોય, હાલનો કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ના પ્રકરણ–૨૧ માં ઠરાવેલ સમન્સ કેસ તરીકે કાર્યવાહી અનુસરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા. ૦૨** મી, **માહે– જુન , સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુકામ : કલોલ, જી.ગાંધીનગર.
તારીખ: ૦૨/૦૬/૨૦૨૬

**( નરેન્દકુમાર જેઠાલાલ નાચી )**
**એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**કલોલ, જી.ગાંધીનગર.**
GJ-00894